પોલીસ કમિશ્નર
સુરત શહેર, સુરત.

# :: જાહેરનામું ::

ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)બી, સી અન્વયે કાઢેલ હુકમ.
ક્રમાંકઃટ્રાફિક/૫૦-મીટર/નો-પાર્કિંગ/જાહેરનામું/૧૨૭૮/૨૦૨૫

પોલીસ કમિશ્નરશ્રીની કચેરી,
સુરત શહેર, તા.૦૨/૦૫/૨૦૨૫.

સુરત શહેરમાં ચાર રસ્તા પાસે અડચણરૂપ પાર્કિંગ અને ગેરકાયદેસર પાર્કિંગના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. તદઉપરાંત ચાર રસ્તાઓની પાસે મૂકવામાં આવેલ રીક્ષા-ટેક્ષી સ્ટેન્ડોના કારણે પણ ટ્રાફિકની સમસ્યા ઉદભવે છે. તેમજ ઘણીવાર ચાર રસ્તાઓની પાસે પેસેન્જર વાહનો પેસેન્જર ચઢાવવા કે ઉતારવા માટે ઉભા રહેતા હોય છે. જેના કારણે ટ્રાફિકની વિકટ સમસ્યા સર્જાય છે. જાહેર જનતાને યોગ્ય સગવડ મળે તે સારૂ જાહેર જનતાનાં હિતમાં ટ્રાફિકના સરળ સંચાલન માટે ટ્રાફિક નિયમન કરવું ઘણું જ જરૂરી જણાય છે. જેથી સુરત શહેર સમગ્ર વિસ્તારમાં આવેલ દરેક ચાર રસ્તાઓથી ૫૦-મીટર સુધીના વિસ્તારને "નો-પાર્કિંગ" ઝોન તરીકે જાહેર કરવા ખુબ જ જરૂરી જણાય છે.

## :: હુકમ ::

વાસ્તે હું, અનુપમસિંહ ગહલૌત (IPS), પોલીસ કમિશ્નર, સુરત શહેર. ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી)(સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેરના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં આવેલ દરેક ચાર રસ્તાઓથી ૨૫-મીટર સુધીના વિસ્તારને "નો-પાર્કિંગ" ઝોન તરીકે જાહેર કરવામાં આવે છે. જેથી કોઇપણ પ્રકારના તમામ યાંત્રિક/બિનયાંત્રીક (લારી/ગલ્લા/ફેરીયા/ફુટપાથ પાથરણા વિગેરે) વાહનો ચાર રસ્તાઓ તથા જંકશનથી ૫૦-મીટર સુધીના વિસ્તારમાં પાર્ક કરી શકાશે નહી કે ક્ષણ માટે પણ ઉભા રાખી શકાશે નહી. આ સબંધે અગાઉ પ્રસિધ્ધ થયેલ જાહેરનામાઓમાં સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પે એન્ડ પાર્કિંગ આપેલ હોય તે સિવાય તમામ ચાર રસ્તા/જંક્શનથી ૫૦-મીટર સુધી પાર્કિંગ કરી શકાશે નહી.

આ જાહેરનામું ઈમરજન્સી સેવાઓના વાહનોને લાગુ પડશે નહી.

આ જાહેરનામાને અનુલક્ષી જરુરી માહિતી સૂચક બોર્ડ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તત્કાલ મૂકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતાં તમામ પોલીસ અધિકારી/કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૨/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

(અનુપમસિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૧, સુરત શહેર.
(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૨, ક્રાઇમ, તથા ટ્રાફિક, સુરત શહેર.
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી)

<u>સવિનય નકલ રવાના :-</u>

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર.
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત.
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશયલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર. (નાનપુરા બહુમાળી સુરત)
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. (જીલ્લા સેવા સદન, અઠવાલાઇન્સ, સુરત)
(૧૯) સંયુકત માહિતી નિયામકશ્રી, સુરત (સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ)